# જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરી

## શિક્ષણ શાખા, જિલ્લા પંચાયત દાહોદ

ફોન નંબર :– ૦૨૬૭૩ ૨૩૯૧૧૩ Email Id : dpeodahod@gmail.com

**<u>વંચાણે લીધા :</u>** (૧) બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ- ૨૦૦૯

(૨) બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર નિયમ- ૨૦૧૨

(૩) માન.નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગુ.રા.ગાંધીનગરના પત્રક્રમાંક : પ્રાશિનિ/ખ-૨/૨૦૧૯/૯૭૯૦-૯૮૫૮ તા.૨૩/૧૦/૨૦૧૯

(૪) શાળાની દરખાસ્ત તા. ૧૨/૦૧/૨૦૨૨.

(૫) તપાસ સમિતિનો અહેવાલ તા.૧૮/૦૧/૨૦૨૨.

(૬) નોંધ પર મળેલ અનુમતી.

## માન્યતા પ્રમાણપત્ર (પરિશિષ્ટ-૨)

**પ્રમાણપત્ર ક્રમાંક :** નં /શિક્ષણ /વહટ -૨/ ૨/ વશી/૨૯/૨૦૨૨,તા.૧૯/૦૧/૨૦૨૨

પ્રતિ ,

વ્યવસ્થાપકશ્રી,

લીટલ ફ્લાવર્સ સ્કૂલ (અંગ્રેજી માધ્યમ),

સુરેશ શેઠ વિદ્યાસંકુલ,

રળીયાતી રોડ,દાહોદ

તા.જિ.દાહોદ

બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯ હેઠળ કરેલા ગુજરાત બાળકોનો મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર નિયમો,૨૦૧૨ની જોગવાઈઓને આધીન રહીન,આથી નીચેની શરતોએ સને ૨૦૨૧-૨૨ થી ૨૦૨૩-૨૪ સુધીની (૦૩) ત્રણ વર્ષની મુદત માટે <u>ધોરણ ૧ થી ૮</u> માટે <u>દાહોદ</u> જિલ્લા/શહેરમાં આવેલી લીટલ ફ્લાવર્સ સ્કૂલ ( અંગ્રેજી માધ્યમ ) શાળાના વ્યવસ્થાપકને **<u>માન્યતા પ્રમાણપત્ર</u>** ( જેને આમાં હવે પછી, " પ્રમાણપત્ર " તરીકે કહ્યું છે તે), આપવામાં આવે છે.

<u>શરતો :</u>

૧. આપેલ માન્યતા લંબાવવા પાત્ર નથી અને તેનો ગર્ભિત અર્થ કોઈપણ રીતે ધોરણ ૮ થી ઉપરના ધોરણની માન્યતા આપવાના / જોડાણ કરવાના કોઈ બંધન તરીકે થશે નહિ.

૨. બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯ ના (સન ૨૦૦૯ના ૩૫ મા), ગુજરાત બાળકોનો મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર નિયમો-૨૦૧૨ ની જોગવાઈઓ, ભારત સરકારે અને રાજ્ય સરકારે બહાર પાડેલી માર્ગદર્શિકાઓ અને કોઈ સૂચનાઓ, આદેશો અથવા સરકારી ઠરાવો શાળાને બંધનકર્તા રહેશે.

૩. શાળાએ નજીકના વિસ્તારના નબળા વર્ગના બાળકો અને વંચિત જૂથના બાળકોને, પૂર્વ પ્રાથમિક વર્ગો સહિત ધોરણ-૧ માં તે ધોરણના સંખ્યાબળના ૨૫% સુધી, પ્રવેશ આપવો જોઈશે અને મુક્ત અને ફરજિયાત પ્રારંભિક શિક્ષણ, તેની સમાપ્તિ સુધી, પુરૂ પાડવું જોઈશે.

૪. કેપિટેશન ફી લેવા પર પ્રતિબંધ છે અને તેથી ટ્રસ્ટ, મંડળી અથવા શાળાએ કોઈપણ કેપિટેશન ફી અથવા અન્ય રીતે બીજા દાન અથવા એવી ફીના બદલામાં ચીજવસ્તુઓ લેવી જોઈશે નહિ.

૮. સમુચિત સત્તામંડળે ઘડેલા પાઠ્યક્રમના આધારે તૈયાર કરેલ અભ્યાસક્રમ પ્રમાણે શાળા શિક્ષણ આપે.
૯. શાળાએ અધિનિયમની કલમ ૧૯માં ઠરાવ્યા પ્રમાણે પ્રાપ્ય સુવિધાઓના પ્રમાણમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો જોઈશે.
૧૦. શાળાએ અધિનિયમની કલમ ૧૯ માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે શાળાના ધોરણો અને માપદંડો જાળવવા જોઈશે અને ખાસ કરીને કોઈ માહિતી પૂરી પાડવાને લગતી, શાળાની વેબસાઈટના નિભાવ અને દર વર્ષે નિયત સમયમાં સાચી અને વિશ્વસનીય **DISE** (ડાયસ) ડિસ્ટ્રીક્ટ ઈન્ફર્મેશન સિસ્ટમ ફોર એજ્યુકેશન ડેટા (માહિતી) ભરવાને લગતી, નિયમ ૧૩ ની તમામ શરતોનું પાલન કરવું જોઈશે.
૧૧. શાળાની જગ્યાની અંદર અથવા એ જ નામથી શાળાની બહાર કોઈ અનધિકૃત વર્ગો, ચલાવવા જોઈશે નહિ.
૧૨. શાળાના મકાનનો અથવા અન્ય બાંધકામોનો અથવા મેદાનોનો માત્ર શિક્ષણ અને કૌશલ્ય વિકાસના હેતુઓ માટે જ ઉપયોગ કરવામાં આવે.
૧૩. શાળા, મંડળી રજીસ્ટ્રેશન અધિનિયમ, ૧૮૬૦ (સન ૧૮૬૦ના ૨૧મા) હેઠળ નોંધાયેલી મંડળી **દ્વારા** અથવા તત્સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદા હેઠળ રચાયેલ સાર્વજનિક ટ્રસ્ટ **દ્વારા** ચલાવવામાં આવે.
૧૪. શાળા કોઈ વ્યક્તિ,જૂથ અથવા વ્યક્તિઓના મંડળ અથવા બીજી વ્યક્તિઓના નફા માટે ચલાવી શકાશે નહીં.
૧૫. ચાર્ટર્ડ એકાઉન્ટ પાસે હિસાબોનું ઓડીટ કરાવવું જોઈશે અને તેને પ્રમાણિત કરાવવા જોઈશે અને યોગ્ય હિસાબી પત્રકો નિયમો પ્રમાણે તૈયાર કરવા જોઈશે. દર વર્ષે હિસાબોના તમામ પત્રકો ઓડીટ કરાયેલ રીપોર્ટની એક નકલ સક્ષમ સત્તાધિકારીને મોકલવી જોઈશે.
૧૬. શાળા નિયામક અને સક્ષમ સત્તાધિકારી વખતોવખત ફરમાવે તેવા રીપોર્ટ અને માહિતી પૂરી પાડશે અને શાળા ચાલુ રાખવાની માન્યતાની શરતને પરિપૂર્ણ કરવા અથવા શાળાના કામકાજમાંથી ખામીઓ દૂર કરવા રાજ્ય સરકાર/સ્થાનિક સત્તામંડળ આપે તેવા આદેશોનું પાલન કરશે.

( મયુર. એસ. પારેખ )
જિલ્લાપ્રાથમિકશિક્ષણાધિકારી
જિલ્લા શિક્ષણ સમિતિ, દાહોદ

જિલ્લા પંચાયત કચેરી દાહોદ - ગુજરાત

<u>નકલ સવિનય રવાના :-(જાણ અર્થે)</u>
માન.નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગુ.રા.ગાંધીનગર
<u>નકલ રવાના:- (જાણ અર્થે)</u>
તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તાલુકા પંચાયત કચેરી, દાહોદ